# ભિલોડાનાં માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા

## ભિલોડામાં માર્ગો પર ઠેર-ઠેર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન : એકટીવાચાલકને સાંઢે અડફેટે લેતાં ગંભીર રીતે ઘવાયા

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકા મથક ખાતે માર્ગો પર ઠેર-ઠેર દિન-પ્રતિ-દિન રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા છે. મોરવાણી કિરાણા સ્ટોર્સ, કરીયાણાના વેપારી આનંદભાઈ રામભાઈ મોરવાણી ધંધાકીય કામ અર્થે એકટીવા પર એસ.બી.આઈ. લાટી બજાર શાખા પાસે માર્ગ પર પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન એકટીવા ચાલકને માંતેલા સાંઢે અડફેટે લેતાં વેપારીના માથાના ભાગે ગંભીર રીતે ઈજાઓ પહોંચતા હિંમતનગર ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં તાબડતોબ સારવાર અર્થે ખસેડાયા હતા.



ભિલોડામાં ઈડર-શામળાજી ધોરીમાર્ગ પર રખડતા પશુઓથી પ્રજાજનો, રાહદારીઓ, વાહન ચાલકો છેલ્લા ઘણા સમયથી ત્રાહિમામ છે. મુખ્ય બજાર વિસ્તારોના માર્ગો પર રખડતી ગાયો, બકરાં, ગધેડાં, કુતરાઓના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાઈ રહ્યો છે. વાહનચાલકોને ગાયો, સાંઢ શીંગડે ચડાવતા હોવાથી નાના-મોટા અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે.

ગાયને માતા કહેનારા હિંદુઓ ગાય માતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાજીક કાર્યકર વિનોદભાઈ બરંડા, જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગાય સહિત અનેક પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે ભિલોડા ગ્રામ પંચાયત કચેરી અને લાગતા-વળગતા વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા પ્રબળ માંગણી છે. ભિલોડા તાલુકા મથકે જાહેર માર્ગો પર, શોપીંગ સેન્ટરો આગળ, રહેણાંક સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળા અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય વધી રહ્યું છે.

ભિલોડાના આસપાસના સીમવિસ્તારોમાં રખડતી ગાયોના ટોળે-ટોળા ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે. ખેડુતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે. રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. માર્ગો પર રખડતા પશુઓનો ત્રાસ વધી રહ્યો છે. વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ, વાહનચાલકોની હાલાકીમાં વધારો થઈ રહ્યો છે.



# સાબરકાંઠાના મોટા શિવાલયોમાં દર્શન બંધ રાખવા નિર્ણય

## હિંમતનગર, જાદર, વિજયનગર સહિતના સ્થળે મેળા નહી ભરાય : ટ્રસ્ટીઓ સાથે જિલ્લા કલેક્ટરે બેઠક યોજી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે સ્વાભાવિક રીતે ભક્તો સેવા પૂજા કરવા માટે મહાદેવમાં જાય તે સ્વાભાવિક છે. પરંતુ જિલ્લામાં આ વર્ષે કોરોના મહામારીને લઈને વધુ સંક્રમણ ન થાય તે માટે તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. ત્યારે મંગળવારે હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ચારથી વધુ મોટા શિવાલયોના ટ્રસ્ટીઓની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે મહાદેવમાં દર્શન બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. તથા તહેવારોમાં પણ આવા સ્થળે મેળા ભરાશે નહી.

આ અંગે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલના જણાવાયા મુજબ મંગળવારથી હિન્દુ ધર્મ માટે પવિત્ર અને પૂજા અર્ચનાના મહિના તરીકે ઓળખાતા શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. સાથોસાથ દશામા વ્રત પણ શરૂ થઈ ગયુ છે. જેને લઈને હિંમતનગર, જાદર, વિજયનગર સહિતના અન્ય સ્થળે આવેલ મોટા શિવાલયોમાં શ્રાવણ માસ દરમિયાન દરરોજ પૂજા અર્ચના કરવા આવતા શ્રદ્ધાળુઓ માટે પૂજા તથા દર્શન થઈ શકશે નહી જો કે સોમવારે તથા ચાલુ દિવસે ભક્તો ટોળામાં એકત્ર થયા સિવાય મંદિરોમાં કરાયેલી વ્યવસ્થામાં સહયોગ આપીને દર્શન કરવાની છુટ રહેશે.



પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે. શિવભક્તો ભગવાન શિવજીની આરાધના કરવા માટે શ્રાવણ માસની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, ચાલુ વર્ષે કોરોના મહામારીને પગલે સોશીયલ ડિસ્ટન્સનુ પાલન કરીને મંદિરોમાં પ્રવેશ અપાઈ રહ્યો છે. મોડાસાના નાલંદા ૨ રેસીડેન્સી ખાતેના પીપળેશ્વર મહાદેવના મંદિરે સોમવારે સોમવતી અમાસથી જ શિવભક્તો સવારે મંદિર જઈ સોશીયલ ડિસ્ટન્સ રાખીને ભગવાન શિવજીની આરાધના કરી હતી.

જે મુજબ હિંમતનગરના ભોલેશ્વર અને ઝરણેશ્વર તથા જાદરના મૃઘણેશ્વર મંદિર, આરસોડીયાનુ સપ્તેશ્વર મંદિર તથા વિજયનગરના શારણેશ્વર અને વિરેશ્વર મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે કોરોનાનુ વધુ સંક્રમણ ન થાય તે આશયથી તમામ ઉપસ્થિત ટ્રસ્ટીગણની હાજરીમાં સર્વાનુમતે નિર્ણય લઈને સોમવારે તથા શ્રાવણ માસના અન્ય તહેવારોમાં મેળા નહી ભરાય તથા રાત્રે ભજન કિર્તન પણ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

આ ઉપરાંત કેટલીક જ્ઞાતિઓમાં દર્શન કરવા જરૂરી હોય તો તેના માટે કોરોના ગાઈડલાઈનનો અમલ કરી માસ્ક, સેનેટાઈઝર તથા સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે દર્શનનો લ્હાવો લેવાની છુટ છે. ઉપરાંત સપ્તેશ્વર મહાદેવ ખાતે થતી ચૌલક્રિયા, મૃત્યુ પછીના કર્મકાંડ સહિત દશામા અને ગણેશ વિસર્જન ટાણે મૂર્તિઓને નદીમાં પધરાવી શકાશે નહિ.

# અરવલ્લીમાં કોરોનાથી વધુ બેના મોત

## મોડાસા શહેરની વૃદ્ધા અને મેઘરજના વૃદ્ધને કોરોના ભરખી ગયો, વધુ એક પોઝેટીવ કેસ નોંધાયો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં સતત કોરોનાના પોઝીટીવ કેસોમાં વધારો થયો છે. મોડાસા શહેર અને જીલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો મૃત્યુનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. મોડાસા શહેરના અને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વૃદ્ધાનું મોત નિપજતા શહેરમાં અત્યાર સુધી ૨૭ લોકોને કીલર કોરોના ભરખી ગયો છે. મેઘરજના કોરોનાની ઝપેટમાં આવેલા વૃદ્ધનું અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોતને ભેટતા જીલ્લામાં કોરોનાના લીધે ૩૪ લોકો શિકાર બન્યા છે. આ ઉપરાંત બાયડની વલ્લભ સોસાયટીમાં રહેતા ૭૭ વર્ષીય વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

અરવલ્લી જીલ્લામાં કોરોનાના પગલે મોતને ભેટતા લોકોની સંખ્યા વધી રહી છે. મોડાસા શહેરમાં આરોગ્યતંત્ર કોરોના સામે કામગીરીમાં નબળું પુરવાર થતાં કોરોના હાવી થઈ રહ્યો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. મોડાસા શહેરમાં દિવસેને દિવસે કોરોના સંક્રમણ વધી રહ્યું હોય તેમ રોજે રોજ કોરોના પોઝીટીવ કેસો બહાર આવી રહ્યા છે. જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે.

જો આવનારા સમયમાં નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કના નિયમોનો ચુસ્ત અમલ ન થાય તો આ મહામારીને વધુ ભયાવહ સ્થિતિ તરફ જતા કોઈ જ રોકી નહી શકે. એકલા મોડાસા શહેરમાં જ અંદાજે ૧૪૦ નજીક કોરોનાના કેસનો આંક પહોંચી ગયો છે. આમ હવે જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ ધીમે-ધીમે કોરોનાના કેસમાં વધારો થઈ રહયો છે. આમ અત્યાર સુધી અરવલ્લી જિલ્લામાં કુલ ૨૯૭ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા હતા. જિલ્લામાં વધી રહેલા લોકલ સંક્રમણથી લોકોમાં ગભરાટની લાગણી ફેલાઈ છે. બાયડની વલ્લભ સોસાયટીમાં કોરોનાનો કેસ નોંધાતા જિલ્લા કલેકટર દ્વારા કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરી લોકલ અવર જવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

# ખેરોજ પોલીસ દ્વારા માર મારી અને મોકલી દેવાયો

ખેરોજ પોલીસની હદમાં આવતા દાણમહુડી ગામના કુટુંબીઓના ખેતીના ઝઘડામાં ખેરોજ પોલીસે ૧૦૦૦૦ની માગ કરી હતી. જે પરિવાર પુરી ન કરી શકતા પોલીસે એક વ્યક્તિને માર મારી અધમુવો કરી નાખ્યો હતો.

દાણમહુડી ગામના વતની શાલુભાઈ કચરભાઈ ડાભી ખેતરમાં કપાસના પ્લોટ કરેલ હતા જેને રવિવારના રોજ તેના કુટુંબની બહેન કપાસના પ્લોટ ઉપાડી નાખતા હતા. તેને શાલુંભાઈ જોઈ જતા તેના ઘરે જઈ ઠપકો આપતા જેથી તે વાત ખેરોજ પોલીસ સ્ટેશને પહોંચી હતી. જેથી ખેરોજ પોલીસ સોમવારે શાલુભાઈના ઘરે જઈ પોલીસ સ્ટેશને હાજર થવાનું કહ્યું હતું. જેથી આજરોજ સવારે શાલુભાઈ તેમના પત્ની શનુબેન અને શાલુભાઈના ભાઈ ભાભી સાથે ૯ વાગે પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા જેમને ૨ વાગ્યા સુધી બેસાડી રાખી ૧૦૦૦૦ ની માગણી કરી હતી જેમાંથી પરિવારે ૧૦૦૦ આપી દીધા હતા વધુ પૈસા ન આપતા શનુભાઈ ના ભાઈને પંચો લેવા માટે મોકલ્યા હતા અને શનું ભાઈને ઉપર લઈ જઈ માર માર્યો હતો જેમા સાથલની ચામડી ઉતરી ગઈ હતી.

# ખેડબ્રહ્મા શહેરમાં ભાજપ સંગઠનની રચના કરાઈ

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લાના પ્રમુખના આદેશથી ભારતીય જનતા પાર્ટી ખેડબ્રહ્મા શહેર સંગઠન અને કારોબારીની રચના ભાજપના



જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોશીની હાજરીમાં કરવામાં આવી જેમાં કુલ ૧૬ સભ્યની નિમણૂક કરવામાં આવી પ્રમુખ પદે અરવિંદભાઈ રાવલ, ઉપપ્રમુખ તરીકે રાજેન્દ્ર સિંહ ચૌહાણ, ચંપકલાલ પ્રજાપતી, હર્ષદભાઈ પટેલ, હસમુખભાઈ પંચાલ, વર્ષાબેન પટેલ, કાંતિભાઈ વણકર જ્યારે મહામંત્રી તરીકે ધર્મેન્દ્રભાઈ મહેતા, પ્રશાંત પટેલ અને મંત્રી તરીકે વિકાસ શાહ, વિજયકુમાર પટેલ, રાજેન્દ્રકુમાર ઠાકોર, જોષી મીનાબેન, રાવલ નિશાબેન, અન્નપૂર્ણાબેન દીક્ષિત જયારે કોષાધ્યક્ષ તરીકે ગીરીશકુમાર વિઠ્ઠલભાઈ રાવલની વરણી કરવામાં આવી હતી આ તમામ સભ્યોને ભારતીય જનતા પાર્ટી તરફથી પ્રમુખ અરવિંદભાઈ રાવલએ અભિનંદન પાઠવ્યા હતા. પોત-પોતાની જવાબદારીથી સંગઠન માટે કામ કરે તેવુ જણાવ્યું.

# અરવલ્લી જિલ્લા ટીચર્સ મંડળીની ધિરાણ મર્યાદા ૭ લાખથી વધારીને ૧૫ લાખ કરાઈ

અરવલ્લી જીલ્લા ટીચર્સ મંડળી ને સ્થાપના થયે દોઢ વર્ષ જેટલો સમય થયો છે. અરવલ્લી જિલ્લા ટીચર્સ



મંડળીના પ્રમુખ અને અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આશિષકુમાર એ. પટેલ, અરવલ્લી જિલ્લા મંડળીના મંત્રી કમલેશ કે. પટેલ તથા મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની મંડળી પરની ઉત્કર્ષ કામગીરીથી મંડળીની સ્થાપનાના દોઢ વર્ષના ખુબ જ ટૂંકા સમયગાળામા જ સંપૂર્ણ ડિજિટલ વહીવટથી ચાલતી આ મંડળીની મંડળી ધિરાણ મર્યાદા ૭ લાખથી વધારીને ૧૫ લાખ સુધી કરવામાં આવી છે. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા મંડળીના પ્રમુખ આશિષકુમાર એ. પટેલ અને મંત્રી કમલેશ પટેલ તેમજ મંડળીના સલાહકાર નારાયણભાઈ જે. પટેલ દ્વારા અરવલ્લી જીલ્લા શિક્ષણ સમિતીના ચેરમેન અને બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લઈને હનુમાનજીનો ફોટો પ્રતિક રૂપે અર્પણ કર્યો હતો. શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા મંડળીના વહીવટને બિરદાવ્યો હતો. મંડળીના ડિજિટલ વહીવટ અને દોઢ વર્ષના ટુંકા સમયગાળામા જ મંડળીને પ્રગતિના પંથ પર લઈ જનાર અરવલ્લી જીલ્લા મંડળીના પ્રમુખ આશિષકુમાર એ. પટેલ અને મંત્રી કમલેશ પટેલને જિલ્લાના શિક્ષકોએ અભિનંદન સાથે મંડળીની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગ્રેડ પે મામલે પોલીસ પરિવારો દ્વારા લોક સહયોગની અપીલ

## પોલીસ પરિવારની અપીલ સોશિયલ મીડિયામાં વાયરલ

ડીસા, તા. ૨૧

રાજ્યના પ્રાથમિક શિક્ષકોને ગ્રેડ પેનો લાભ મળ્યા બાદ રાજ્યમાં વગર રજાએ કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરતા પોલીસ જવાનોએ પણ ગ્રેડ પે મામલે રાજ્ય સરકાર સામે આંદોલન છેડયું છે. જેમાં પોલીસ પરિવાર વતી આમ પ્રજાને પણ સહયોગ આપવાની અપીલ કરતો મેસેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

અપીલમાં તમામ ગુજરાતની પ્રજાને પોલીસ પરિવાર તરફથી જણાવાયું છે કે, પોલીસ વિભાગમાં કર્મચારી યુનિયનનો અભાવ છે તેથી પોલીસ સાથે પગાર બાબતે ઘણા અન્યાય થઈ રહ્યા છે પરંતુ પોલીસ જવાનોનું યુનિયન ન હોવાને કારણે પોલીસ તેનો વિરોધ કરી શકતી નથી તેથી રાજ્યની તમામ ગુજરાતની પ્રજાને પોલીસ પરિવાર તરફથી નમ્ર વિનંતી છે કે તમે પોલીસને સાથ આપો સહકાર આપો અને તા. ૩૧ મી જુલાઈ-૨૦૨૦ ના રોજ ઘરમાં ફક્ત એક દીવો કે મીણબત્તી સળગાવીને પોલીસને સહયોગ કરો અને પોલીસને એકલતાનો અનુભવ ન થવા દો. ગુજરાતના પ્રજાજનોને જ્યારે જ્યારે જરૂર પડે છે ત્યારે પોલીસ રક્ષક બનીને ઉભી રહે છે તેથી આ સમય છે રાજ્યની પ્રજા પાસે કે પોલીસને જ્યારે ખરેખર જરૂર છે ત્યારે પ્રજા તેમની સાથે ઉભી રહે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ જવાનો કોન્સ્ટેબલને ૨૮૦૦ રૂ., હેડ કોન્સ્ટેબલને ૩૬૦૦ રૂ. અને એ. એસ. આઈ. ને ૪૨૦૦ રૂ. ના ગ્રેડ પે ની માંગ કરી રહ્યા છે.

# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું ચલણ વધ્યું

## ગામડે-ગામડે બુટલેગરોનો રાફડો ફાટ્યો : કોલવડાના પિતા-પુત્ર કારમાં ૯ હજારના દારૂ સાથે ઝડપાયા

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર જિલ્લા પોલીસતંત્રએ તવાઈ બોલવી છે. જીલ્લામાંથી દરરોજ દેશી-વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરો ઝડપાઈ રહ્યા છે, જીલ્લામાં વિદેશી દારૂના રસિકોને દારૂ પૂરો પડતા બુટલગરોનો રાફડો ફાટ્યો છે, ત્યારે હવે વિદેશી દારૂનું દુષણ ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી ગયું છે. ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો બિન્દાસ્ત હોમડીલેવરી પણ આપી રહ્યા છે મોડાસા રૂરલ પોલીસે વરથુ ગામેથી જીગર ઉર્ફે જીગ્નેશપુરી દશરથપુરી ગોસ્વામીના ઘર પાછળ હુસેલમાં સંતાડી રાખેલ ૧૨ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે ધનસુરા પોલીસે કોલવડા ગામના બે બુટલેગરોને કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમે કોલવડા ગામના બુટલેગર એવા પિતા-પુત્રને કાર સાથે વિદેશી દારૂની હેરાફેરી કરતા ગામ નજીકથી ઝડપી પાડ્યા હતા. કોલવડા ગામનો મેહુલ નરેન્દ્રકુમાર જયસ્વાલ વિદેશી દારૂના વેપલા માટે પંથકમાં પંકાયેલો છે ત્યારે બુટલેગર મેહુલે તેના પિતા નરેન્દ્ર નટવરલાલ જયસ્વાલને અલ્ટો કારમાં વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ કીં. રૂ. ૯૦૦૦ ભરી આપ્યો હતો પિતા-પુત્ર દારૂની હેરાફેરી કરે તે પહેલા ધનસુરા પોલીસે ત્રાટકી બંને શખ્સોને દબોચી લીધા હતા. ધનસુરા પોલીસે વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ. ૮૯૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# હિંમતનગરની યુવતીને દહેજ મામલે ત્રાસ આપતા ચાર સાસરીયા વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં રહેતી અને ઈડર તાલુકાના ફીચોડ ગામે લગ્ન કરાયા બાદ તેણીના સાસરીયાઓ દ્વારા મકાન બનાવવાના બહાને છેલ્લા ઘણા સમયથી મારઝુડ કરી સારિરીક અને માનસીક ત્રાસ આપી દહેજ પેટે ૫ લાખ લઈ આવવા દબાણ કરીને સુખચેનથી રહેવા દેવામાં આવતી ન હતી. યુવતીએ ચારેય સાસરીયા વિરૂદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

હિંમતનગરના રવિપાર્ક સોસાયટીમાં રહેતી વેદાંતીબેન અરવિંદભાઈ પંચાલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણીના લગ્ન પીચોડ ગામના કૃણાલ દેવેન્દ્રભાઈ પંચાલ સાથે કરાયા બાદ છેલ્લા ઘણા સમયથી તેણીના પતિ તથા સસરા દેવેન્દ્રભાઈ અમૃતલાલ પંચાલ, સાસુ નીરૂબેન પંચાલ અને નણંદ સ્નેહાબેન પંચાલ કે જેઓ કેટલાક સમયથી હૈદરાબાદ રહે છે જેથી નવુ મકાન બનાવવા માટે વેદાંતીબેનને સારિરીક અને માનસીક ત્રાસ આપીને દહેજ પેટે પિયરમાંથી ૫ લાખ લઈ આવવા માટે અવાર નવાર દબાણ કરવામા આવતું હતુ. ઘરમાં ઝઘડા કરીને વેદાંતીબેનને તારા બાપના ઘરેથી કી લાવી નથી તેમ કહી મારઝુડ કરવામાં આવતી હતી તથા ગાળો બોલીને ગડદાપાટુનો માર પણ મારવામાં આવતો હતો. પતિ, સાસુ, સસરા તથા નણંદના ત્રાસથી કંટાળીને વેદાંતીબેને હિંમતનગર ખાતે પિયરમાં જઈને સાસરિયાઓને સબક શીખવાડવા હિંમતનગર મહિલા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.